# ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧ના પ્રિસાઈડીંગ અધિકારી શ્રી એ.એ.દવે, વડોદરા.

**રેફરન્સ(આઈ.ટી) નં.૬૫/૨૦૨૨**

પ્રથમ પક્ષકાર :– (૧) મેનેજરશ્રી,

બાન્કો પ્રોડકટ્સ ઈન્ડીયા લી. (સેજ),

ઠે.સુજલોન કંપની પાસે, વાઘોડીયા રોડ, મું.પીપરીયા,

તા.વાઘોડીયા, જી.વડોદરા.

(૨) કોન્ટ્રાકટરશ્રી, તુલસી ટેનામેન્ટ સર્વીસ,

c/o- બાન્કો પ્રોડકટ્સ ઈન્ડીયા લી. (સેજ),

ઠે.સુજલોન કંપની પાસે, વાઘોડીયા રોડ, મું.પીપરીયા,

તા.વાઘોડીયા, જી.વડોદરા.

**–: અને :–**

બીજા પક્ષકારઃ– જોઈન્ટ સેક્રેટરીશ્રી,

અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,

રજો માળ, આરબ ચેમ્બર્સ,

પથ્થરકુવા પેટ્રોલ પંપ પાસે, રીલીફ રોડ,

અમદાવાદ–૩૮૦ ૦૦૧

હાજર રહયાઃ– પ્રથમ પક્ષકાર તરફે :– ગેરહાજર

બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી વી.કે.કાઝી

**–: <u>એવોર્ડ</u> :–**

**(૧)** સદર રેફરન્સ શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૨૬/૭/૨૦૨૨ ના ક્રમાંકઃ કે.એચ.એ.એચ.એમ.સી./૪૧૫૦૦/૫/૨/આઈડીઆર/એજે/૨૬૪/૨૦૨૨ ધ્વારા હુકમની અનુસુચિમાં દર્શાવેલ ઔદ્યોગિક તકરાર અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

**–: <u>અનુસુચિ</u>:–**

<u>માંગણી નં.૧.બોનસ અંગે</u>:– સંસ્થામાં કામ કરતાં કહેવાતા કોન્ટ્રાકટરના કામદારોને તા.૧/૪/૨૦ થી તા.૩૧/૩/૨૧ સુધી ચુકવેલ કુલ ગ્રોસ પગાર ઉપર સરકારે નકકી કરેલ મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય પુરા પગાર ઉપર ૨૦% બોનસ તથા ૫% એકસગ્રેસીયાની રકમ ચુકવવી આપવી જોઈએ કે કેમ?

<u>માંગણી નં.૨.ફેસ્ટીવલ એલાઉન્સ</u> – સંસ્થામાં કામ કરતાં કહેવાતા કોન્ટ્રાકટરના કામદારોને દિવાળીના તહેવાર માટે ફેસ્ટીવલ એલાઉન્સ પેટે બે પગારની રકમ ચુકવવી આપવી જોઈએ કે કેમ?

<u>માંગણી નં.૩.ગીફટ અંગે</u>– સંસ્થામાં કામ કરતાં કહેવાતા કોન્ટ્રાકટરના કામદારોને દિવાળીના તહેવાર

નિમીતે રૂ.૨૦૦૦/– ની ગીફટ અથવા ગીફટ વાઉચર આપવા જોઈએ કે કેમ?

<u>માંગણી નં.૪.ગીફટ અંગે</u> – ઉપર જણાવેલ માંગણી નં.૧ થી ૩ બાબતે જે રકમ ચુકવવાપાત્ર થાય તે રકમ કોન્ટ્રાકટર ચુકવવામાં નિષ્ફળ જાય તો સદર રકમ મુખ્ય માલીક સંસ્થાએ ચુકવવી જોઈએ કે કેમ?

(૨) બીજા પક્ષકાર યુનિયનનાં પ્રતિનિધિશ્રી આંકઃ૯ થી લોક અદાલતમાં અરજી રજુ કરી પક્ષકારો વચ્ચે સમાધાનની વાતચીત ચાલતી હોય આ કામ આગળ ચલાવવા માંગતા ન હોય કામદારોના હકકો અધિકારોને બાધ આવ્યા સિવાય સદર વિવાદ આજરોજ પરત ખેંચતા હોય બીજા પક્ષકારને સદર કામ પાછું ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. સદર કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧. બીજા પક્ષકારને આંકઃ૯ ની પુરસીસ અન્વયે રેફરન્સ (આઈ.ટી.) નં.૬૫/૨૦૨૨ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે સદર કામનો નિકાલ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા. ૯/૯/૨૦૨૩
સ્થળઃ વડોદરા.

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરા.

**એસ.સી.ચૌહાણઃસ્ટેનો**